# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર

## નવસારી કૃષિ યુનિવર્સિટી

મુ.પો.વઘઈ, તા.વઘઈ, જી.ડાંગ, પીન કોડ : ૩૯૪૭૩૦

NAVSARI AGRICULTURAL UNIVERSITY

भाकृअनुप ICAR

**ડૉ. જે.બી. ડોબરીયા**
**ઈ/ચા. વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા**

**સંપર્ક નં. (૦૨૬૩૧) ૨૯૯૬૪૫**
**E-mail:** kvkwaghai@nau.in

જા.નં. નકૃયુ/કેવિકે/કે-૭/176 /૨૦૨૪ વઘઈ (ડાંગ), તા.7 /૦૬/૨૦૨૪

## ટેન્ડર ફોર્મ

**ચા–નાસ્તો અને ભોજન (કેટરીંગ સર્વિસ)**

| | | | |
|---|---|---|---|
| ૧ | ટેન્ડર ફી (નોન રીફંડેબલ) | : | ૧૫૦૦/- (અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરા) |
| ૨ | ટેન્ડર ફી ભર્યાની તારીખ | : | |
| ૩ | ટેન્ડર ફી ભર્યાની રસીદ નં. | : | |
| ૪ | ટેન્ડર નંબર | : | |
| ૫ | ટેન્ડર ઈસ્યુ તારીખ | : | |
| ૬ | ટેન્ડર ફોર્મ ભરીને કચેરીમાં રજુ કરવાની છેલ્લી તારીખ | : | ૨૩ /૦૬/૨૦૨૪ |
| ૭ | ટેન્ડર ફોર્મ ભરીને મોકલવાનું સરનામું | : | વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રીની કચેરી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, રાજેન્દ્રપુર બસ સ્ટોપ પાસે આહવા રોડ, ન.કૃ.યુ., વઘઈ, જી.ડાંગ (ગુજરાત) પી.નં. ૩૯૪ ૭૩૦ |
| ૮ | ઓથોરીટીની સહી અને સિક્કો | : | J. B. Dobariya<br>વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા<br>કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,<br>નવસારી કૃષિ યુનિવર્સિટી<br>વઘઇ (ડાંગ) ૩૯૪૭૩૦ |

## ❧ પાર્ટીની પ્રાથમિક માહિતી ❧

| | | | |
|---|---|---|---|
| ૧ | પાર્ટીનું નામ | : | |
| ૨ | કાયમી સરનામું (પુરાવા સાથે) | : | |
| ૩ | પત્ર વ્યવહારનું પુરૂ સરનામું | : | |
| ૪ | (અ) મોબાઈલ નંબર /<br>(બ) અલ્ટરનેટીવ નંબર | : | |
| ૫ | ઈ-મેઈલ સરનામું (જો હોય તો) | : | |
| ૬ | **EMD** અંગેની વિગત | : | |
| ૭ | ડીડી/ચેક નંબર | : | |
| ૮ | ડીડી/ચેકની તારીખ | : | |
| ૯ | ડીડી/ચેકની બેંકનું નામ | : | |
| ૧૦ | **PAN** નંબર | : | |
| ૧૧ | આધાર કાર્ડ નંબર | : | |
| ૧૨ | **GST** નંબર | : | |
| ૧૩ | કંપની રજીસ્ટ્રેશન નંબર / નગરપાલીકાનું સર્ટીફિકેટ | : | |
| ૧૪ | રસોઈયા તરીકેનું નોંધણી પ્રમાણપત્ર | : | |
| ૧૫ | **FSSI** નંબર | : | |

- જો **GST** નંબર ન હોય તો તે અગેનું પ્રમાણપત્ર ભાવ મોકલનાર પાર્ટીના લેટરપેડ રજુ કરવાનું રહેશે.
- આ ડોકયુમેન્ટ સંબંધિત તમામ શરતો અને બોલીઓ મેં વાંચી છે જે મને કબુલ અને મંજુર છે.

ભાવ મોકલનાર પાર્ટીના સહી/સિક્કો

## ❧ ચા–નાસ્તો અને ભોજન (કેટરીંગ સર્વિસ) માટેનું ભાવપત્રક ❧

| અ.નં. | આઈટમની વિગત | મેનુની વિગત | | તમામ ટેક્ષ સહિત ૧ ડિશનો ભાવ રૂ. |
|---|---|---|---|---|
| ૧ | ભોજન | **(૧) ડીશ–એ :** દાળ-ભાત/કઢી-ખીચડી, શાક (મીક્ષ લીલા શાકભાજી), લાપસી, પીવાનું મીનરલ પાણી | કૃષિ કેમ્પસ, વઘઈના ભાવ | |
| | | | ઓફ કેમ્પસના ભાવ | |
| | | **(૨) ડીશ–બી :** દાળ-ભાત/કઢી-ખીચડી, શાક (મીક્ષા લીલા શાકભાજી), પુરી, શીરો, કચુંબર, પીવાનું મીનરલ પાણી | કૃષિ કેમ્પસ, વઘઈના ભાવ | |
| | | | ઓફ કેમ્પસના ભાવ | |
| | | **(૩) ડીશ–સી :** દાળ-ભાત/કઢી-ખીચડી, શાક (મીક્ષા લીલા શાકભાજી), રોટલી, શીરો/લાપસી, છાસ, કચુંબર, પીવાનું મીનરલ પાણી | કૃષિ કેમ્પસ, વઘઈના ભાવ | |
| | | | ઓફ કેમ્પસના ભાવ | |
| | | **(૪) ડીશ–ડી :** દાળ-ભાત/ કઢી-ખીચડી, શાક- ૨ (મીક્ષા લીલા શાકભાજી, કઠોળ શાક), પુરી/ ઘઉં/ નાગલી/ ચોખાની રોટલી, ૧ સ્વીટ, ફરસાણ, કચુંબર, પાપડ, છાશ, પીવાનું મીનરલ પાણી અને મુખવાસ | કૃષિ કેમ્પસ, વઘઈના ભાવ | |
| | | | ઓફ કેમ્પસના ભાવ | |
| | | **(૫) ડાંગી ડીશ :** નાગલીના રોટલા અને ચોખાના રોટલા, અડદની દાળ અને મીક્ષા લીલા શાકભાજીનું શાક, ભુજીયું, નાગલીનો શીરો, વાંસનું અથાણું, નાગલીના પાપડ/ ભુંગળા, છાશ, દાળ-ભાત, મરચાંની ચટણી, કચુંબર પીવાનું મીનરલ પાણી અને મુખવાસ | કૃષિ કેમ્પસ, વઘઈના ભાવ | |
| | | | ઓફ કેમ્પસના ભાવ | |
| | | **(૬) પંજાબી ડીશ :** રોટલી, પનીરનું શાક, છોલે ચણા, છાશ, પાપડ, કચુંબર, જીરા રાઈસ, દાલ ફ્રાય તડકા, ૧ સ્વીટ (ગુલાબ જામુન/ ગાજરનો હલવો/શ્રીખંડ/અન્ય), પીવાનું મીનરલ પાણી અને મુખવાસ | કૃષિ કેમ્પસ, વઘઈના ભાવ | |
| | | | ઓફ કેમ્પસના ભાવ | |
| | | (૭) ફુડ પેકેટ (૮ નંગ પુરી, સુકી ભાજી, અથાણું) | કૃષિ કેમ્પસ, વઘઈના ભાવ | |
| | | | ઓફ કેમ્પસના ભાવ | |
| | | | **સરવાળો–૧ :-** | |

Senior Scientist And Head, K.V.K, N.A.U.
Waghai (Dangs)

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ચા–નાસ્તો અને ઠંડાપીણાં | **(૧) નાસ્તો–એ :** બટેકા પૌવા/ ખમણ/ (૧૫૦ ગ્રામ) ચટણી સાથે | કૃષિ કેમ્પસ, વઘઈના ભાવ | |
| | | | ઓફ કેમ્પસના ભાવ | |
| | | **(૨) નાસ્તો–બી :** ભજીયા / પેટીશ/ સેવ-ખમણી / સમોસા/ પાતુડી/ ઢોકળા/ પાતરા/ વણેલા ગાઠીયા/ ફાફડા (૧૫૦ ગ્રામ) ચટણી સાથે | કૃષિ કેમ્પસ, વઘઈના ભાવ | |
| | | | ઓફ કેમ્પસના ભાવ | |
| | | (૩) સુકુ ફરસાણ (૧ કિ.ગ્રા.) | કૃષિ કેમ્પસ, વઘઈના ભાવ | |
| | | | ઓફ કેમ્પસના ભાવ | |
| | | (૪) ચા/કોફી/દુધ (૭૫ મી.લી.) | કૃષિ કેમ્પસ, વઘઈના ભાવ | |
| | | | ઓફ કેમ્પસના ભાવ | |
| | | (૫) ફ્રુટ જયુસ (૨૦૦ મી.લી.) | કૃષિ કેમ્પસ, વઘઈના ભાવ | |
| | | | ઓફ કેમ્પસના ભાવ | |
| | | (૬) ફ્રુટ ડીસ (૨૦૦ ગ્રામ) | કૃષિ કેમ્પસ, વઘઈના ભાવ | |
| | | | ઓફ કેમ્પસના ભાવ | |
| | | આઈસક્રીમ (૧૦૦ મી.લી.) | કૃષિ કેમ્પસ, વઘઈના ભાવ | |
| | | આઈસક્રીમ (૧૨૫ મી.લી.) | કૃષિ કેમ્પસ, વઘઈના ભાવ | |
| | | ઠંડા પીણાં | ૨૦૦ મી.લી. | |
| | | | ૫૦૦ મી.લી. | |
| | | | ૧.૨૫ લી. | |
| | | પાણીની બોટલ | ૫૦૦ મી.લી. | |
| | | | ૧ લી. | |
| | | આર.ઓ. ઠંડા પાણીનો જગ | ૨૦ લી. | |
| | | | **સરવાળો–૨ :-** | |
| 3 | **સ્વીટ્સ** | (૧) ગુલાબ જામુન (૧ કિ.ગ્રા.) | કૃષિ કેમ્પસ, વઘઈના ભાવ | |
| | | (૨) મોહન થાળ (૧ કિ.ગ્રા.) | | |
| | | (૩) શ્રીખંડ/ મઠો (૧ કિ.ગ્રા.) | | |
| | | (૪) બરફી (૧ કિ.ગ્રા.) | | |
| | | (૫) ગાજરનો હલવો (૧ કિ.ગ્રા.) | | |
| | | (૬) કેરીનો રસ (૧ કિ.ગ્રા.) | | |
| | | (૭) કાજુ કતરી (૧ કિ.ગ્રા.) | | |
| | | (૮) જલેબી (૧ કિ.ગ્રા.) | | |
| | | | **સરવાળો–3 :-** | |

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | **નાગલીની વસ્તુ** | (૧) નાગલીની બિસ્કીટ (૫૦૦ ગ્રામ) | કૃષિ કેમ્પસ, વઘઈના ભાવ | |
| | | (૨) નાગલીના પાપડ (૫૦૦ ગ્રામ) | | |
| | | (૩) નાગલીની પાપડી (૫૦૦ ગ્રામ) | | |
| | | (૪) નાગલીના ભુંગળા (૫૦૦ ગ્રામ) | | |
| | | (૫) નાગલીના ખાખરા (૫૦૦ ગ્રામ) | | |
| | | (૬) નાગલીની ભાખરી (૫૦૦ ગ્રામ) | | |
| | | (૭) નાગલીનો શીરો (૫૦૦ ગ્રામ) | | |
| | | | **સરવાળો–૪ :–** | |
| | | | **કુલ સરવાળો (૧+૨+૩+૪) :–** | |

**ટેન્ડર ભરનારનું નામ :............................................................**

**સ્થળ :...............................**

**તારીખ :..............................** **ભાવ મોકલનાર પાર્ટીનો સહી/સિક્કો**

Senior Scientist And Head, K.V.K, N.A.U

Senior Scientist And Head, K.V.K, N.A.U • Waghai (Dangs)

# ❧ શરતો ❧

| | |
|---|---|
| ૧ | વર્ષ : ૨૦૨૪-૨૫ દરમ્યાન કૃષિ કેમ્પસ વઘઈ દ્વારા તાલીમ, ખેડુત શિબીર, સેમીનાર અને કૃષિ મેળા વિગેરે જેવી ખેડુતલક્ષી વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરવાની તારીખ અને સ્થળ નક્કી થયે અગાઉથી જાણ કર્યા મુજબના અંદાજીત ઓર્ડર પ્રમાણેની સંખ્યા/લાભાર્થીઓ માટે ચા-નાસ્તા અને ભોજન તથા જમવા/નાસ્તા માટેના તમામ સાધનોની સાથે પીરસવાના સ્ટાફની સુવિધા પુરી પાડવાની રહેશે. તે અંગેના જુદા-જુદા મેનુ મુજબના ભાવો ભાવપત્રકમાં તમામ પ્રકારના ટેક્ષ, જી.એસ.ટી., ટોલ, ચાર્જ, ટ્રાન્સપોર્ટ ચાર્જ સહિતના પ્રતિ ડીશ પ્રમાણે આપવાના રહેશે. |
| ૨ | રસોઈ બનાવવા માટે ઉચ્ચ કક્ષાની કાચી સામગ્રી, ડબલ ફીલ્ટર્ડ તેલ અને રસોઈ અને પીવાના પાણી માટે આર.ઓ. વોટરનો ઉપયોગ કરીને આરોગ્યપ્રદ, શુધ્ધ અને સાત્વિક રસોઈ બનાવવાની રહેશે. ગુણવત્તા બાબતે કોઈ બાંધછોડ કરવામાં આવશે નહીં. ઓછામાં ઓછા ભાવ જ નહી પરંતુ વસ્તુની ગુણવત્તા અને સ્પેસીફિકેશન તથા ઉચ્ચ ગુણવત્તાને ધ્યાને લેવામાં આવશે. ચા-નાસ્તો અને ભોજન માટેના ભાવો પીવાના ફીલ્ટર પાણી સાથેના ભાવપત્રકમાં ભરવાના રહેશે. |
| ૩ | ટેન્ડરમાં જે ભાવ ભરવામાં આવે તે છેકછાક કે સુધારા વધારા વગરના આંકડા સ્પષ્ટ વાંચી શકાય તે રીતે લખવા જયાં છેકછાક કે સુધારા વધારા થતા હોય ત્યા નવેસરથી ભાવ લખી ટુંકી સહી કરવી અને પેન્સીલથી ભાવો લખવા નહીં તેમજ ટેન્ડરમાં દર્શાવ્યા મુજબની વિગત પ્રમાણેનું ભાવપત્રક જ માન્ય ગણાશે. |
| ૪ | સરકારશ્રી દ્વારા માન્ય થયેલ જાહેર પબ્લીકના આરોગ્યની જાળવણીના નિયમોનુસાર રસોડાની સ્વચ્છતા અને રસોઈ સંબંધી તમામ ચીજવસ્તુઓ, વાસણો, સાધનોનો ઉપયોગ કરવાનો રહેશે. |
| ૫ | ચા-નાસ્તા અને ભોજનના ભાવ ડાંગ જિલ્લાના સ્થાનીક કેટરર્સના ભાવપત્રકને પ્રાધાન્ય આપવામાં આવશે. |
| ૬ | સમારંભના અંતે સાફ-સફાઈ કરી જમવાનું સ્થળ વ્યવસ્થીત ચોખ્ખું કરવાનું રહેશે તેમજ રસોડાની કામગીરીને કારણે યુનિવર્સિટીની માલ મિલ્કતને નુકસાન થશે તેવા કિસ્સામાં ભોજન સપ્લાયરની જવાબદારી રહેશે. |
| ૭ | ભોજન માટે ઓછામાં ઓછા ૧૦ (દશ) વ્યકિતઓ/લાભાર્થીઓ હોય ત્યારે પણ ભોજન પુરૂ પાડવાનું રહેશે. |
| ૮ | નિયત ટેન્ડર ફોર્મ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ન.કૃ.યુ., વઘઈની કચેરી ખાતેથી કચેરી સમય દરમ્યાન ટેન્ડર ફીની રકમ રૂ.૧૫૦૦/- રોકડા ભરી લઈ જવાનું રહશે. ટેન્ડર ફીની રસીદ ટેન્ડર ફોર્મ સાથે અચુક જોડવી, નહિંતર સદર ફોર્મ અપૂર્ણ ગણી રદ્દ કરવામાં આવશે. (ટેન્ડર ફી નોન-રીફંડેબલ રહેશે) |
| ૯ | ભાવપત્રક બંધ કવરમાં મોકલવું અને કવર ઉપર **"ચા-નાસ્તો અને ભોજનના ભાવપત્રક"** એવું લખી વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવસર્સિટી, વઘઈ - ૩૯૪ ૭૩૦, જી. ડાંગ (ગુજરાત) ખાતે **તા.૨૩/૦૬/૨૦૨૪ સુધીમાં** પોસ્ટ/કુરીયર દ્વારા કચેરી સમય દરમ્યાન મળે તે રીતે મોકલવું. |
| ૧૦ | અર્નેસ્ટ મની ડીપોઝીટ EMD રૂ.૧૦,૦૦૦/- વગરનું ટેન્ડર સ્પર્ધા માટે ગણતરીમાં લેવામાં આવશે નહીં. EMD (ડીડી સ્વરૂપે) KVK Revolving Fund Account ના નામનો બનાવવાનો રહેશે. અસફળ બીડરોને તેમની EMD ની રકમ (ડીડી/ચેક સ્વરૂપે) ટેન્ડરીંગ કાર્યવાહી પુર્ણ થયે પરત કરવામાં આવશે. |
| ૧૧ | અર્નેસ્ટ મની ડીપોઝીટ EMD ની પુરેપુરી રકમ નીચે દર્શાવેલ કારણોસર જપ્ત (Forfiet) કરવામાં આવશે, જેમાં<br>(અ) ટેન્ડર ભરનાર પાર્ટી પોતાનું ટેન્ડર પરત ખેચશે તો.<br>(બ) જે પાર્ટીનું ટેન્ડર મંજુર કરવામાં આવે અને તે પાર્ટી જે ચા-નાસ્તા અને વર્કીંગ લંચ/ડીનર (ભોજન) ની કામગીરી કરવાનું ન સ્વીકારીને પીછે હઠ કરે તો. |
| ૧૨ | જે પાર્ટીના ભાવો મંજુર કરવામાં આવે તે પાર્ટીએ ઓર્ડર મળ્યાની તારીખથી દિન-૭ માં સિકયોરીટી ડીપોઝીટ (SD) તરીકેની રકમ રૂ.૧૦,૦૦૦ /- (અંકે રૂપિયા દશ હજાર પુરા) જમા કરાવવાના રહેશે, જે રકમ નીચે દર્શાવેલ કારણોસર પૂર્ણ અથવા અંશત: જપ્ત (Forfeit) કરવામાં આવશે, જેમાં, |

| | |
|---|---|
| | (અ) રસોડાની યોગ્ય રીતે સાફ સફાઈ કરવામાં ન આવે અને યુનિવર્સિટી તરફથી સફાઈની વ્યવસ્થા કરવામાં આવે,<br>(બ) કોન્ટ્રાકટની નક્કી કરેલ સમયાવધિ પહેલાં અધવચ્ચેથી કામગીરી છોડીને જતા રહે તો,<br>(ક) રસોઈની કામગીરી સંતોષકારક ન કરે તો, અન્યથા કોન્ટ્રાકટ પૂર્ણ થયે કામગીરી સંતોષકારક જણાય તો સિક્યોરીટી ડીપોઝીટ (SD) તરીકેની રકમ પુરેપુરી પરત કરવામાં આવશે. |
| ૧૩ | જે પાર્ટીના ભાવો માન્ય રાખવામાં આવે અને તે પાર્ટી નિયત કરવામાં આવેલ તારીખે રસોઈ પુરી પાડવામાં નિષ્ફળ જશે તો કોઈપણ કારણ આપ્યા વગર તે પાર્ટીનો કોન્ટ્રાકટ રદ્દ કરી પછીના ક્રમે આવતા ઈસમને કોન્ટ્રાકટ આપી દેવામાં આવશે અને સીક્યોરીટી ડીપોઝીટ (SD) ની રકમ પુરેપુરી જપ્ત (Forfeit) કરવામાં આવશે. |
| ૧૪ | જે પાર્ટીના ભાવો મંજુર કરવામાં આવે તે પાર્ટીએ ઓર્ડર મળ્યાની તારીખથી દિન-૭ સુધીમાં રૂા.૧૦૦/- ના સ્ટેમ્પ ઉપર ટેન્ડરની શરતો અંગે બાંહેધરી આપવી. |
| ૧૫ | કાર્યક્રમના અંતે કૃષિ કેમ્પસ, ન.કૃ.યુ., વઘઈ જી. ડાંગના જે કેન્દ્ર દ્વારા ઓર્ડર આપ્યો હોય, એ કચેરીને દિન-૭ માં આપવાનું રહેશે. |
| ૧૬ | યુનિવર્સિટીના જે તે વિભાગને પાકું બીલ આપવાનું રહેશે. બીલના પેમેન્ટ બાબતે કોઈપણ કાયદાકીય પ્રશ્નો ઉપસ્થિત થાય ત્યારે સંપૂર્ણ જવાબદારી પાર્ટીની રહેશે. જરૂરીયાત ઉભી થાય ત્યારે બીલની કુલ રકમમાંથી નિયમોનુસાર TDS કાપી બીલનું ચૂકવણું કરવામાં આવશે. |
| ૧૭ | ચા-પાણી, નાસ્તો અને ભોજન લીધા પછી ભોજનના કારણે જો કોઈ ભોજન લેનારના આરોગ્ય (ઝાડાં, ઉલ્ટી, તાવ, અશકિત વિગેરે) ને લગતા પ્રશ્નો ઉપસ્થિત થશે તો તેની આરોગ્ય અને કાયદાકીય સંપૂર્ણ જવાબદારી પાર્ટીની રહેશે. |
| ૧૮ | ફોર્મમાં આપેલ ક્રમાંક ૧ થી ૪ દરેક આઈટમોનો ભાવ ભરવાનો રહેશે અને **૧ થી ૪ દરેક આઈટમના કુલ રકમને ધ્યાનમાં રાખી નક્કી કરેલ કમિટી દ્વારા મંજુર કરવામાં આવશે.** જો ભાવો ના મંજુર કરવામાં આવે તો કોઈ કારણ આપવામાં આવશે નહીં. ભાવપત્રક જમાં થયા પછી કોઈપણ વિગતો ઉમેરી શકાશે નહીં. |
| ૧૯ | આવેલ ભાવો પૈકી એકથી વધારે એજન્સીના ભાવો એક સરખા હશે તો નિયુક્ત થયેલ કમિટી દ્વારા સરખા બાદ સૌથી ઓછા ભાવો ભરનાર એજન્સી સાથે ભાવ વાટાઘાટ કરી એજન્સી નક્કી કરવામાં આવશે. વધુમા, આ બાબતે યુનિવર્સિટી દ્વારા નિયુક્ત કરેલ કમિટીનો નિર્ણય આખરી ગણાશે. |
| ૨૦ | જે તે પાર્ટીએ વસ્તુની સર્વિસ કે છુટછાટ (ડીસ્કાઉન્ટ) ને લગતી માહીતી કે શરતો ટેન્ડરમાં દર્શાવવાની રહેશે. |
| ૨૧ | ખેડુતલક્ષી પ્રવૃતિઓ થયા પછી જેટલા તાલીમાર્થીઓ/લાભાર્થીઓનું રજીસ્ટ્રેશન થયું હશે તે મુજબ જ ચૂકવણુ કરવામાં આવશે. |
| ૨૨ | માન્ય રાખેલ ટેન્ડર પ્રમાણે ઓર્ડર આપ્યા પછી નિયત નમુના સ્પેસીફિકેશન મુજબ આઈટમ પુરી પાડવામાં નિષ્ફળ જશે તો જે તે આઈટમ અન્યથી ખરીદવામાં આવશે અને તે કારણે ટેન્ડરના ભાવ કરતા જે કંઈ ખર્ચ વધશે તે અંગે સઘળી જવાબદારી ટેન્ડર ભરનારની રહેશે, અને તે તફાવતની રકમ તેઓ પાસેથી વસૂલવામાં આવશે. |
| ૨૩ | કામગીરી પૂર્ણ થયા પહેલાં કોઈપણ પ્રકારનું એડવાન્સ રકમ/પેમેન્ટ આપવામાં આવશે નહીં તથા કામગીરી સંતોષકારક રીતે પૂર્ણ થયા બાદ વડી કચેરીએથી બીલ પાસ થયા બાદ Account Payee ચેક દ્વારા ચૂકવણુ કરવામાં આવશે. |
| ૨૪ | ફોર્મમાં આપેલ દરેક આઈટમનો ભાવ ભરવાનો રહેશે નહીંતર ટેન્ડર ફોર્મ અધુરું ગણી તેને અમાન્ય રાખવામાં આવશે. જો ભાવો મંજુર ના કરવામાં આવે તો કોઈ કારણ આપવામાં આવશે નહીં. |
| ૨૫ | દસ્તાવેજો/સાધનિક પ્રમાણપત્રો અને વિગતોની યાદી નીચે મુજબ ક્રમશ: નકલ ગોઠવણી કરી સામેલ રાખવી, નહીંતર ટેન્ડર ફોર્મ અધુરૂં ગણીને તેને અમાન્ય ગણવામાં આવશે, જે બાબતે પાછળથી પાર્ટીનો કોઈ હક્કદાવો રહેશે નહીં.<br>૧. ટેન્ડર ફી ભર્યાની રસીદ ઓરીજનલ. |

Senior Scientist And Head, K.V.K., N.A.U., Waghai (Dangs)

Senior Scientist And Head, K.V.K., N.A.U. Waghai (Dangs)

| | |
|---|---|
| | ૨. પાનકાર્ડની નકલ.<br>૩. આધાર કાર્ડની નકલ.<br>૪. જી.એસ.ટી. (GST) નોધણીનું સર્ટીફિકેટ (જો GST નંબર ન હોય તો તે અગેનું પ્રમાણપત્ર ભાવ મોકલનાર પાર્ટીના લેટરપેડ પર રજુ કરવાનું રહેશે.)<br>૫. કંપની રજીસ્ટ્રેશનની નકલ/નગરપાલીકાનું સર્ટીફિકેટની નકલ.<br>૬. રસોઇયા તરીકેનું નોંધણી પ્રમાણપત્રની નકલ.<br>૭. FSSAI સર્ટીફીકેટની નકલ.<br>૮. સરકારી/સહકારી/યુનિવર્સિટીમાં રસોડા ચલાવવાનો/કેટરર્સ તરીકેના અનુભવ હોય તો તેનું પ્રમાણપત્ર/આધાર<br>૯. બ્લેક લીસ્ટમાં મુકવામાં આવેલ નથી તે સબબનું લેટરપેડ પર પ્રમાણપત્ર. (જો અગાઉથી બ્લેકલીસ્ટ થયેલ હશે તો સીક્યોરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.) |
| ૨૬ | જો મોકલવામાં આવેલી વસ્તુની ગુણવત્તા જળવાશે નહીં તો એમનું પેમેન્ટ અટકાવી દેવામાં આવશે. તેમજ ઓછી ગુણવત્તાવાળી વસ્તુઓ પરત કરવાનો ખર્ચ, ભાડું જે તે માલિક (પાર્ટી) નો રહેશે. |
| ૨૭ | સંતોષકારક ભોજન તેયાર કરવામાં ન આવે અથવા પાર્ટી વખતોવખત મળતી સુચનાઓનો અમલ ન કરે તો કોન્ટ્રાકટ રદ્દ કરવાની સત્તા વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ન.કૃ.યુ., વઘઈ પાસે અબાધિત રહેશે. |
| ૨૮ | ભાવપત્રકને રદ્દ કરવાનો હક્ક નક્કી કરેલ કમિટીનો રહેશે જેનો કોઈપણ ખુલાસો આપવામાં આવશે નહીં. જેની રજુઆત કોર્ટમાં કરી શકાશે નહી. |
| ૨૯ | કોઈપણ વિવાદાસ્પદ કામમાં કે વસ્તુમાં કમિટીનો નિર્ણય આખરી રહેશે અને કોઈપણ જાતની કાનુની કાર્યવાહી ડાંગ જીલ્લા પુરતી મર્યાદિત રહેશે. |
| 30 | શરતી ભાવપત્રકો સ્વીકારવામાં આવશે નહી. |
| 3૧ | કોવીડ-૧૯ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી સરકારશ્રીની ગાઈડલાઈનનું સંપૂર્ણ રીતે પાલન કરવાનું રહેશે. |
| 3૨ | ડાંગ જિલ્લાની અંદર ઓફ સેન્ટર ખાતે જે-તે વસ્તુ પહોંચાડવાની જવાબદારી પાર્ટીની જ રહેશે જેના માટેનું ભાડું અલગથી ચૂકવવામાં આવશે નહીં. |
| 33 | ભાવ પત્રકમાં આપેલ ક્રમાંક ૧ થી ૪ ની દરેક આઈટમોનો ભાવ તા.૩૧/03/૨૦૨૫ (અથવા અત્રેના કેન્દ્ર ખાતેથી અન્ય ભાવો ના મંજુર કરવામાં આવે ત્યાં સુધી) સુધી કૃષિ કેમ્પસ ન.કૃ.યુ., વઘઈ જી. ડાંગ (કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ન.કૃ.યુ., વઘઈ, હલકા ધાન્ય સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., વઘઈ, કૃષિ મહાવિદ્યાલય, ન.કૃ.યુ., વઘઈ અને કૃષિ પોલિટેકનિક, ન.કૃ.યુ., વઘઈ) માટે માન્ય રાખવામાં આવશે અને ખાસ સંજોગોમાં નક્કી કરેલ કમીટી જો માન્ય રાખે તો વધારાના સમયગાળા માટે આ ભાવપત્રક માન્ય રાખવામાં આવશે અને વર્ષ દરમ્યાન કોઈપણ ભાવ વધારો ફેર માન્ય રાખવામાં આવશે નહીં. |
| 3૪ | ભાવો માન્ય થયેથી કેન્ટીન ચલાવવા માટેની નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની ૧ થીં 33 શરતો ઈજરદારને માન્ય અને બુંધનકર્તા હોવા અંગેની લેખીત બાહેધરી રૂા. 300/- ના નોન જ્યુડીશીયરી સ્ટેમ્પ પેપર પર લખી આપવાની રહેશે. |

**ઉપરોક્ત શરતો અને બોલીઓ (૧ થી ૩૪) મેં બરાબર વાંચીને સમજી છે અને તે મને માન્ય છે.**

સ્થળ :

તારીખ :

**ભાવ મોકલનાર પાર્ટીના સહી/સિક્કો**

Senior Scientist And Head, K.V.K. N.A.U. Waghai (Dangs)

# ચેકલીસ્ટ

| અ.નં. | વિગત | જોડાણ કરેલ છે કે કેમ ? (હા/ના) |
|---|---|---|
| ૧ | ટેન્ડર ફી ભર્યાની રસીદ ઓરીજનલ | |
| ૨ | પાનકાર્ડની નકલ | |
| ૩ | આધાર કાર્ડની નકલ | |
| ૪ | જી.એસ.ટી. (GST) નોધણીનું સર્ટીફિકેટ (જો GST નંબર ન હોય તો તે અગેનું પ્રમાણપત્ર ભાવ મોકલનાર પાર્ટીના લેટરપેડ પર રજુ કરવાનું રહેશે.) | |
| ૫ | કંપની રજીસ્ટ્રેશનની  નકલ/નગરપાલીકાનું સર્ટીફિકેટની નકલ | |
| ૬ | રસોઈયા તરીકેનું નોંધણી પ્રમાણપત્રની નકલ | |
| ૭ | FSSAI સર્ટીફીકેટની નકલ | |
| ૮ | સરકારી/સહકારી/યુનિવર્સિટીમાં રસોડા ચલાવવાનો/કેટરર્સ તરીકેના અનુભવ હોય તો તેનું પ્રમાણપત્ર/આધાર | |
| ૯ | બ્લેક લીસ્ટમાં મુકવામાં આવેલ નથી તે સબબનું લેટરપેડ પર પ્રમાણપત્ર. (જો અગાઉથી બ્લેકલીસ્ટ થયેલ હશે તો સીકયોરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.) | |

**સ્થળ :** ........................

**તારીખ :** .......................

**પાર્ટીના સહી/સિક્કા**

**સરનામું :**

**સંપર્ક–મો.નં.**

# બાંહેધરી પત્ર

**પ્રતિ,**
**વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા,**
**કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,**
**નવસારી કૃષિ યુનિવર્સિટી,**
**વઘઈ (ડાંગ).**

અમો નીચે સહી કરનારા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ન.કૃ.યુ., વઘઈ (ડાંગ) માટે તાલીમ, ખેડુત શિબીર, સેમીનાર અને કૃષિ મેળા જેવી ખેડુતલક્ષી પ્રવૃતિઓનું આયોજન કરવાનું હોય ત્યારે ભાગ લેનાર તાલીમાર્થી/લાભાર્થીઓને માટે ચા-નાસ્તા અને ભોજનની સેવાઓ માટેની ટેન્ડરમાં આપેલ શરતો ૧ થી ૩૪ મુજબનું પાલન કરીશું તથા સંતોષકારક સેવાઓ પુરી પાડવાની અમે બાંહેધરી આપીએ છીએ. તેમછતાં કાર્યક્રમ દરમ્યાન શરતોનું ઉલંઘન થાય તો તમો અમારી ડીપોઝીટ કચેરી દ્વારા જપ્ત કરી શકશો એવી બાહેંધરી લખી આપીએ છીએ.

**સ્થળ : ........................**

**તારીખ : .......................**

**પાર્ટીના સહી/સિક્કા**

**સરનામું :**

**સંપર્ક–મો.નં.**